


શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર


# પરજિયા સોની સંદેશ


સર્વોનું... સુવર્ણ ગૌરવ


E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in



વર્ષ : ૩૬ • અંક : ૪ • પાના : ૨૦ | તંત્રી : ભરત કે. સતિકુંવર | એપ્રિલ – ૨૦૨૫ | મૂલ્ય : રૂા. ૧૨/–


**આયુષ્યમાન ભારત કાર્ડ * ઈ શ્રમ કાર્ડ * જન આરોગ્ય યોજના કાર્ડ કેમ્પ**
**તા. ૦૩-૦૫-૨૦૨૫ અને તા. ૦૪-૦૫-૨૦૨૫, બપોરે ૩:૩૦ થી સાંજે ૬:૩૦ કલાક સુધી**

॥ જય શ્રી રાંદલ મા ॥

## સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા

# શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા આયોજીત અષ્ટમી હવન તથા શ્રી દ્વારકાધીશજી મંદિર (દ્વારકા) સ્થાને ધ્વજારોહણનો શુભ ઉત્સવ સોનીવાડી ખાતે યોજાયો





દ્વારિકા થી શ્રી ધ્વજાજીની શુભ પધરામણી







## નારી તું નારાયણી સુવર્ણ મહિલા સંગઠન



શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીના નવનિયુક્ત પ્રમુખશ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરીને નારી તું નારાયણી સુવર્ણ મહિલા સંગઠન દ્વારા શ્રીમતી નીલાબેન રાઠોડ (સોની) સહિત સમાજ અગ્રણી બહેનોના શુભ હસ્તે પુષ્પગુચ્છ આપી અભિનંદનસહ શુભેચ્છા આપવામાં આવી હતી.

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી :
ભરત કે. સતિકુંવર

❖

પ્રકાશન સ્થળ
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

મુખપત્રના માલિક
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

મુદ્રણ સ્થાન
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


- ☛ તંત્રી સ્થાનેથી....
- ☛ માનવીની એકલતા
- ☛ શ્રી પરજ રત્નો
- ☛ બે પેઢી વચ્ચેની સરખામણી
- ☛ અહેવાલ : શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ દ્વારા આયોજીત હવન
- ☛ દુબઈમાં ગુજરાત...
- ☛ નારી તું નારાયણી સુવર્ણ મહિલા સંગઠન
- ☛ સપનું
- ☛ કાવ્ય વિભાગ
- ☛ મહેનતાણું
- ☛ ભેટની યાદી
- ☛ મિડ-ડે ક્રિકેટ સ્પર્ધામાં પરજીયા સોની ટીમ દ્વિતીય ક્રમે











## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....✍*

## સરકારી યોજનાઓ...

ભારતના નાગરિકો માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે, પરંતુ આપણે આ યોજનાઓનો લાભ લેવામાં કેમ પાછળ રહી ગયા છે એ સમજાતું નથી.

પહેલાના સમયમાં પણ યોજનાઓ હતી પરંતુ ત્યારે મોબાઇલ, ઈન્ટરનેટ કે સોશિયલ મીડિયા નહોતું તેથી કોઈપણ યોજના માટે સરકારી કાર્યાલયના ધક્કા ખાવા પડતા અધિકારી પૂરતી માહિતી ન આપતા. જ્યારે આજે કોઈપણ સરકારી કામ તમે ઘરે બેઠા કમ્પ્યુટર કે મોબાઇલથી કરી શકો છો. આ જાણકારી માટે અનેક સમાજ તો દરેક સરકારી યોજનાનો પુરેપુરો લાભ મેળવે છે. જ્યારે આપણે હજુ આયુષ્યમાન કાર્ડ પર જ અટક્યા છે.

સહકારી યોજનાની દરેક જાણકારી સોશિયલ મીડિયામાં મળી શકે છે. તે સહિત તમારા વિસ્તારના સાંસદ, વિધાન સભ્ય કે નગરસેવકો દ્વારા વિવિધ યોજનાઓ માટે શિબિર યોજવામાં આવે છે ત્યાં તમારું કામ થઈ શકે છે. એ માટે જનપ્રતિનિધિના કાર્યાલયની મુલાકાત લેવી પડે એ લોકો આપણા ઘરે ન આવે.

આજથી જ નક્કી કરો કે સરકાર દ્વારા જે પણ યોજનાઓ બનાવવામાં આવી છે. તેમાંથી આપણે ઉપયોગી થતી યોજનાનો લાભ મેળવી શકો એમ છો તો તાત્કાલિક અરજી કરવી.

**– ભરત કે. સતિકુંવર**

# માનવીની એકલતા

કરસનકાકાના ઘરનો દરવાજો ખખડાવ્યો... અંદરથી કોઈ ન મળતા એણે પોલીસને જાણ કરી...પોલીસે દરવાજો ખોલીને જોયું તો કાકા કાયમ માટે સુઈ ગયેલા...છોટુ બસ યંત્રવત બધું જોઈ રહેલો... કાકા સાથેના સંબંધ એની આંખ સામે તરવરવા લાગ્યા. બે બેડરૂમ અને મોટી આગાશીવાળા વિશાળ ફ્લેટમાં કરશનકાકા અને સંધ્યા કાકી એકલા રહેતા. લગભગ બે વર્ષ પહેલાં આજ રીતે સંધ્યાકાકી પણ સુઈ ગયેલા.

સવારના સાત વાગે છોટુએ છાપું આપવા માટે કાકાનો દરવાજો ખટખટાવ્યો...રોજ સવારે ટપાલ પેટીમાં છાપું નાખવું એ નિત્યક્રમ હતો. પણ આજે પેટી ન દેખાતા દરવાજો ખટખટાવ્યો... થોડીવારે કરશનકાકાએ દરવાજો ઉઘાડયો. ‘‘સોરી સર, તમને ડિસ્ટર્બ કર્યા બહાર ટપાલ પેટી ન હોવાથી દરવાજો ‘‘...‘‘કોઈ વાત નહીં ભાઈ... મેં જાતેજ પેટી કાઢી નાખી છે... ‘‘છાપાવાળા છોટુની વાતને વચ્ચેથી રોકીને કાકા બોલ્યા. ‘‘હવેથી તું રોજ સવારે મને જગાડશે...‘‘તને તકલીફ ભલે થાય... પણ હું તને દર મહિને સવાર સવારના મારો દરવાજો ખટખટાવવાના પાંચસો રૂપિયા આપીશ...‘‘જે દિવસે હું ન જાગુ એ વખતે તું પોલીસને ફોન કરીને કહેજે જેથી મારી લાશ રઝળે નહીં...‘‘એટલું બોલતા જ એમના ચહેરા પર ઉદાસી આવી ગઈ.

કાકાનો એકમાત્ર દીકરો વિદેશમાં રહેતો, મનમાં આવે ત્યારે કોલ કરીને એમના હાલચાલ પૂછતો, પણ છેલ્લા થોડા સમયથી એમનો ફોન આવવાનો બંદ થઈ ગયો... કરસન કાકા નો ફોન પણ લાગતો નહિ... કદાચ એનો નંબર બદલાઈ ગયો? કે એ પોતે, રામ જાણે... વધતી ઉંમર અને એકલતાને લીધે તેઓ અંદરથી તૂટી ગયેલા એથી જ છોટુ સાથે ફાવી ગયેલું....

કાકાની સાથે હવે છાપાવાળા છોટુની દોસ્તી થઈ ગયેલી... એ પણ એમનું નાનુંમોટું કામ કરી આપતો. બદલામાં કાકા છોટુની સ્કૂલની ફી ભરતા. સર આજે મારૂ ૧૦માનું રિઝલ્ટ છે... હું બપોરના મળવા આવીશ, કાંઈ કામ હોય તો જણાવો.. ‘‘ના ભાઈ જા તારું રિઝલ્ટ લઈને આવ,‘‘૧૦માં નું રિઝલ્ટ આવ્યું એમાં છોટુને ૭૭% આવ્યા. રિઝલ્ટ લઈને એ સીધો કરસન કાકા ના ઘરે ખુશખબર આપવા ગયો...

કાકા દરવાજો ખોલતા ન હોવાથી એણે એમને ફોન કર્યો ત્યાં પણ જવાબ ન મળતા એણે પોલીસને જાણ કરી...કાકા છોટુનું રિઝલ્ટ જોવા પણ ન રોકાયા... કરસન કાકા ના ઘરમાંથી એક ચિઠ્ઠી મળી જેમાં છોટુના હાથે એમને અગ્નિ દાહ આપવો એવી ઈચ્છા વ્યક્ત કરેલી...આપણી આસપાસમાં આવા અસંખ્ય એકલા અટૂલા કરસન કાકા રહેતા હશે... તેઓ કોઈની સાથે વાત કરવા તરસતા હશે... અથવા કોઈ વૃદ્ધાશ્રમમાં પોતાના વારાની રાહ જોતા હશે...

મિત્રો બની શકે તો આવા વડીલો સાથે વોટ્સએપ દ્વારા સંપર્કમાં રહો. જો કોઈ દિવસ રિપ્લાય ન આવે તો તરત સંપર્ક કરો, કદાચ એમને તમારી જરૂરત હોઈ શકે...આજે જેવો યુવા છે. એ કાલે વૃદ્ધ થાશે એથીજ તમારા બાળકોને પણ સારા સંસ્કાર આપશો એકવાત હંમેશા યાદ રાખજો તમે સીંચેલા સંસ્કાર તમારી આવનારી પેઢીમાં આવશે.

**- C. D. Solanki**

# શ્રી પરજરત્નો

પટ શાખમાં નંદો પટાધર, અભંગ પાટણ
ઓપતો;ગુણવંત ગાંગો ગુણનિધી તે, શાખ ધોરડે
શોભતો; હુન્નર તણા જે હોડમાંહી, હાયે ગુજરાની રહે;
પરજાણ જ્ઞાતી તણાં પરગટ, રત્ન ધણમૂલા રહે........૧
શુધ્ધ ગંગાજળ સમા છે, સતિકુંવર સવેદા;
ફાંકડા નેજા ફરહરે કૈં, નગરસામોય પર સદા;
ગોહિલ પીંગળરા ગણું, હિલોળ ટંકસાળે લહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ, રત્ન ધણમૂલા રહે......... ૨
ધકા વમળસી તણા ધીંગડ, અમરકોટે ઓપતા;
પરીયાગતીને પવંગ આપી, સ્નેહ વદને શોભતા;
પૃથ્વીપતી પરમાર પેખ્યા, દાન માથાના દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ, રત્ન ધણમૂલા રહે......... ૩
આણંદ અરજણ વીર ઓપે, ધણમૂલા ધધડા ધરે;
એભા સતણ ભોજા હરા, શુભ ગામ બાકોડી સરે;
અઢાર વરણેં કીધ આનંદ, લાવ વીવામા લહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ, રત્ન ધણમૂલા રહે......... ૪
ધકાણ દામા ધુરંધર, પરજાવ શહેરે પેખીયા;
દિકરો દઈને દાનમાં, પરીયાગતીને પોંખીયા;
જસરાજને જાણે જગત,(તે) બાળ બ્રહ્મચારી રહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.......... ૫
સગાળ આપા ચલા શાખે, હેમરાં જયાં હુંકળે;
સમશેર મુઠેં શોભતા, ઝવાહીર રત્નો ઝળહળે;
માજન તણાં મહેમાન થઈને લેખ માજનનો લહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે...........૬
સોલંકી કુળ શણગાર સૌ, જીણાંદરા ને જાણીએ;
નીંધા મુસળીયા નવડભડ, પૃથ્વીપતી પરમાણીએ;
વડહથે યોધ્ધા વાછરા, કવિયાણ ગણ તેના કહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.......... ૭
ગુણિયલ બગસરા ગામમાં કુળ થળેસર કુંપો કહા;
સરોવર કુંપાસર કર્યું સ્નેહે, ધોર દુષ્કાળે મહા;
બાર ધર બારોટને, દુષ્કાળ ઉતરાવી દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.......... ૮
સૂર્યવંશી ક્ષત્રિય ઓ દરીયાવ દિલના દેખીએ;
સુરુ સમોવડ કોણ શોભે, લાખ પાસા લેખીએ;
હિલોળ મોજાં હોય હરદમ દાન પરમાર્થે દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.......... ૯
જાદવ કુળમાં જોધ જગડા, દિપાવયું દિયોરને;
ધણહણે જાંગી ઢોલ ધીંગા, શોભતા સમરાંગણે;
પડછંદ સોરઠ પડે પડધા, દણી ડંકા ડહડહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૦
સેજકપરે વીર શોભતા, રાઠોડ કાગદડા રહે;
તરકાણનાં દળ ત્રાટકયાં, ડંકા નગારા પર દહે;
એ વખતે આવી ભીમ આગળ, ખળે ખેતાણા રહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૧
જાદરાઆપા જોધ જબરા, ભટ્ટીવંશે ભાળીયા;
સેનાપતિ રેમતલા સામે, ધાવ વળતા વાળીયા;
રાજકોટ ના જે બાળરાજા દિલના આશિષ દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૨
મુળુયે વિવા માંડીયા છે, લાડીલાના લહેરથી;
દરબારકેરી દીકરી ને, જીન વળગ્યો ઝેરથી;
બાળકી બચાવવા ને, દાન દાનાના દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૩
ધેડ પંથક જમળા ગામમાં, ગુણ ભર્યો ક્ષત્રી
અંશનો;ગજરાજના જુથ ગાજતાં, વેપાર જાડેજ વંશનો;
ધાણક ભીમસી હોય ધીંગડ, દાનમાં હાથી દહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૪
હં જોતને હંશવાહની, હરદમ હાજર તે હતી;
પટાધર પરજાણને એ, સ્થીર કરીને સ્થાપતી;
દેવો દયાળુ આદરીમાં, પાળીએ પુજા ચહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૫
રણધીર રાઠોડ નરવીરોમાં, ગહર કચવો ગાજળો;
કરમી કચલિયા કુળ ગૌરવ, વિરોહર વિરાજતો;
નવડભડ દાતાર દેખ્યા, કતિરા કરમી કહે;
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.........૧૬
પ્રતિપાળ રાણા તણા પ્રગટ, ભાણવડમાં ભાળીયા;
દેવજી મુળજી દાનવીર, વાયા વાઢેળ વખાણીયા;
દામજી દેવજી દિલ દરીયા, દાન વિધાના દહે..........૧૭
પરજાણ જ્ઞાતી તણાં પ્રગટ રત્ન ધણમૂલા રહે.
જય જય સનાતન ધર્મ જય જય પરજવંશ જય માતાજી

# બે પેઢી વચ્ચેની સરખામણી

એક યુવાને તેના પિતાને પૂછ્યુંઃ ''તમે લોકો પહેલા કેવી રીતે રહેતા હતા? ટેક્નોલોજી ન હતી કાર કે પ્લેન નહીં, ઇન્ટરનેટ નહીં, કોમ્પ્યુટર નહીં, મોલ નહીં, કલર ટીવી નહીં, મલ્ટિપ્લેક્સ સિનેમા નહીં, મોબાઈલ ફોન નહીં, સારી હોટેલો, રેસ્ટોરન્ટ નહીં, સારા કપડા નહીં, હીલ સ્ટેશન પર ફરવા જવાનું નહીં ..!!

તેના પિતાએ જવાબ આપ્યોઃ જેમકે તમારી પેઢી આજે કેવી રીતે જીવે છે? અમને આશ્ચર્ય થાય છે...

કોઈ પ્રાર્થના નથી, કરુણા નથી, કોઈ સન્માન નથી, કોઈ માન નથી, મોટો પરિવાર નથી, શરમ નથી, નમ્રતા નથી, સમયનું આયોજન નથી, રમતગમત નથી, વાંચન નથી, ખેતીકામ નથી, મા-બાપ કે વડીલો પ્રત્યે આદર નથી.''અમે, ૧૯૫૦-૧૯૮૦ ની વચ્ચે જન્મેલા આશીર્વાદિત લોકો છીએ. અમે જીવંત નવલકથા છીએ.''

★ રમતી વખતે અને સાયકલ ચલાવતી વખતે અમે ક્યારેય હેલ્મેટ પહેરી ન હતી, શાળા પછી અમે સાંજ સુધી રમતા. અમે ક્યારેય ટીવી જોયું નથી. અમે સાચા મિત્રો સાથે રમ્યા, ઈન્ટરનેટ મિત્રો સાથે નહિ.

★ જો અમને ક્યારેય તરસ લાગે તો અમે નળનું પાણી પીધું, બોટલનું નહીં. અમે ચાર મિત્રો સાથે એક જ ગ્લાસ શરબત શેર કરતા હોવા છતાં અમે ક્યારેય બીમાર થયા નથી.

★ અમારું વજન ક્યારેય વધ્યું નથી, કારણ અમે રોજ રોટલો દહીં, અથાણું, ગોળ ખાતા હતા. ખુલ્લા પગે ફરવા છતાં કંઈ થયું નથી. કાંટા અમારાથી દૂર રહેતા.

★ અમારા માતા અને પિતાએ અમને સ્વસ્થ રાખવા માટે ક્યારેય કોઈ સપ્લીમેન્ટ્સનો ઉપયોગ કરવા દીધો નથી. મગફળી,ગોળ, બાજરાનો - ઘઉં નો પોંક, મકાઈના ડોડા અને ક્યારેક શેરડી નો સાંઠો મળે એટલે ભયો ભયો..''

★ અમે અમારા પોતાના રમકડા બનાવતા અને તેની સાથે રમતા, ધુળમાં, રેતીમાં દેશી રમતો રમતા. વાગે તો કાળી માટી લગાવી દેતાં.

અમારા માતા-પિતાએ અમને પ્રેમ અને સંસ્કાર આપ્યા દુન્યવી ભૌતિક સાધન સામગ્રી નહીં. અમારી પાસે ક્યારેય સેલફોન, ડીવીડી, પ્લે સ્ટેશન, એક્સબોક્સ, વિડીયો ગેમ્સ, પર્સનલ કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ચેટ નહોતા, પણ અમારે સાચા મિત્રો હતા તે અમારા માટે નેટવર્કનું કામ કરતા.

અમે અમારા મિત્રોના ઘરની બિનઆમંત્રિત મુલાકાત લીધી અને તેમની સાથે ભોજનનો આનંદ માણ્યો. તમારી દુનિયાથી વિપરીત, અમારે નજીકમાં રહેતા સંબંધીઓ હતા જેથી કુટુંબનો સમય અને સંબંધો એક સાથે માણવામાં આવ્યા. મામા, માસી, કાકા, ફઈનો પ્રેમ જોવા તમારે એક પેઢી આગળ જન્મ લેવાની જરૂર હતી. અમે ભલે બ્લેક એન્ડ વ્હાઇટ ફોટામાં હતા પણ તમને એ ફોટામાં રંગીન યાદો જોવા મળશે. અમે હવે તમારા માટે કલર ઝેરોક્ષ છીએ.

અમે એક અનોખી અને કદાચ સૌથી વધુ સમજદાર પેઢી છીએ, ...કારણ કે અમે એવી છેલ્લી પેઢી છીએ જેમણે તેમના માતા-પિતાનું નત મસ્તકે સાંભળ્યું છે...

ઉપરાંત, અમે એવી પ્રથમ પેઢી છીએ જેઓએ તેમના બાળકો પાસેથી પણ સાંભળવુ પડ્યું છે. હજી પણ બાળકો દલીલો કરે છે, ખોટા સાબીત કરવા પ્રયત્નો આંખની પણ શરમ વગર કરે છે પણ અમે સાંભળી લઈએ છીએ..'' અને અમે એવા લોકો છીએ જેઓ હજુ પણ વધુ સ્માર્ટ છીએ અને તમને તે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં મદદ કરી રહ્યા છીએ જે અમે તમારી ઉંમરના હતા ત્યારે ક્યારેય અસ્તિત્વમાં જ ન હતું... જોયું જ ન હતું.... તેથી તમારા માટે એ વધુ સારું છે કે અમે આ પૃથ્વી અને તમારા જીવનમાંથી અદશ્ય થઈએ તે પહેલાં.... તમે...અમારાથી આનંદ લો. અમારી પાસેથી શીખો. માનો કે ન માનો પણ અમે હરતી ફરતી યુનિવર્સિટી છીએ.

**લેખ – 'આવકાર ગ્રુપ'માંથી સાભાર**

# શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા આયોજીત અષ્ટમી હવન

શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા પ્રત્યેક વર્ષની માફક આ વર્ષે પણ શ્રી ચૈત્રી નવરાત્રિના અષ્ટમીના રોજ સોની વાડી (બોરીવલી) મધ્યે હવન તથા શ્રી દ્વારકાધીશજી મંદિર (દ્વારકા) સ્થાને ધ્વજારોહણનો શુભ ઉત્સવ સમગ્ર જ્ઞાતિજોની હાજરીમાં ઉજવાયો.

તા. ૩૦-૩-૨૫ ને રવિવારે, શ્રી ચૈત્ર માસ શુક્લ પક્ષ એકમ (ગુડી પડવા)ના શુભ દિવસે શ્રી દ્વારકાથી શ્રી ધ્વજાજીનું શ્રી સોની વાડી (બોરીવલી) મધ્યે શ્રી વાઘેશ્વરી માતાજી નિજ મંદિર ખાતે સમગ્ર જ્ઞાતિજનોના અનેરા ઉમંગસહ, ઢોલ-શરણાઈ સાથે શોભાયાત્રા રૂપે શુભ આગમન થયું. બાદ શ્રી ધ્વજાજીનું બ્રાહ્મણો દ્વારા મંદિરમાં પૂજન બાદ પ્રથમ શ્રી મોમાઈ મઢ (મલાડ) ખાતે પધરામણી બાદ સર્વ જ્ઞાતિ પરિવારોના ઘરે ક્રમશઃ પધરામણીનો કાર્યક્રમ સતત સાત દિવસ યોજાયો. આ વરસે છેલ્લા બે દિવસ વિરાર, વસઈ, ભાયંદર તથા મીરા રોડ ખાતે પણ દરેક પરિવારોના ઘરે પણ અનેરા ઉત્સાહથી શ્રી ધ્વજાજીની પધરામણીનો કાર્યક્રમ સંસ્થાના કમિટીના સભ્યોના આયોજનથી સંપન્ન થયો. સર્વે પરિવારોના ઘરે શ્રી ધ્વજાજીની પધરામણી બાદ પરત તા. ૪-૪-૨૫ ના સાંજે એ.સી. હોલ, શ્રી સોની વાડી (બોરીવલી) ખાતે પધરામણી બાદ શ્રી ગોવર્દ્ધન પર્વત તથા શ્રી ઠાકોરજીની સુંદર ઝાંખી શણગાર સાથે સંગીત સંધ્યા તથા પ્રસાદનું આયોજન સમસ્ત જ્ઞાતિ પરિવારો માટે રાખેલ.

તા. ૫-૪-૨૫ ને શનિવાર, શ્રી શુભ અષ્ટમીના વહેલી સવારના ૮ વાગ્યાથી ૧૫ યુગલ દંપતિ શુભ હવનમાં બેસી અનેરો લાભ લીધેલ. સાથે વિશાળ એ.સી. હોલ ખાતે સવારે ૧૦.૩૦ વાગ્યાથી આશરે ૧૮૦ દીકરીઓના (ગોરણી) પૂજનનો કાર્યક્રમ પણ અનેરા ઉત્સાહથી યોજાયો. બપોરે હવનનું બીડું હોમાયા દરમ્યાન વિશાળ સંખ્યામાં હાજર રહેલ આશરે ૧૬૦૦ જ્ઞાતિજનોએ સમૂહ પ્રસાદ સાથે લીધેલ.

તા. ૫-૪-૨૫ ને શનિવાર શુભ અષ્ટમીના રાત્રે જ ટ્રેન દ્વારા શ્રી વાઘેશ્વરી સેવા સમિતિના સર્વે સહ પરિવાર સભ્યો ઉપરાંત આશરે ૧૦૦ મહેમાન પરિવાર સાથે શ્રી દ્વારકા ખાતે ધ્વજારોહણ પ્રસંગે રવાના થયા.

રવિવારના રોજ બપોરે આપણી શ્રી સોની વાડી દ્વારકા ખાતે ઉતારાની સુંદર વ્યવસ્થા ત્યાંના ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવેલ હતી. આટલી વિશાળ સંખ્યામાં મુંબઈશ્રી દ્વારકા આવેલ મહેમાનો માટેની વ્યવસ્થા માટે સમસ્ત ટ્રસ્ટીમંડળની ખડેપગે હાજરી અને કાળજી સાથેની સેવાભાવના ઊડીને આંખે વળગે તેવી હતી.

તા. ૭-૪-૨૫ ને સોમવાર સવારે ૭ વાગ્યે શિહોર (શ્રી મોંઘીબા દેવસ્થાન)થી ખાસ પધારેલા શ્રી ઝીણારામ બાપુ તથા ઓરી (શ્રી તપોઃસ્થળી નર્મદા આશ્રમ સ્થાન)થી ધારેલ શ્રી કુસુમ બાની હાજરીમાં શ્રી ધ્વજાજીનું બ્રાહ્મણો દ્વારા પૂજન બાદ સોની વાડી ખાતે સર્વે મહેમાનો દ્વારા પૂજન બાદ શ્રી દ્વારકાધિશજી મંદિરે શ્રી ધ્વજાજીની ઢોલ-નગારા-શરણાઈ સાથે સુંદર શોભાયાત્રા શરૂ થઈ. સવારે ૧૧ વાગ્યે શ્રી ઠાકોરજીના દર્શન સાથે શ્રી ધ્વજારોહણનો દિવ્ય પ્રસંગ સંપન્ન થયો. બપોરે સમસ્ત ગુગળી બ્રાહ્મણ વાડી ખાતે આ સંસ્થા દ્વારા આશરે ૪ ટન અન્નદાન પછી શ્રી સોનીવાડી ખાતે સર્વે મહેમાનોનું આગમન થતાં, વેદપાઠી શિક્ષણ લેતા આશરે ૬૦ બ્રાહ્મણ બાળકોનું પ્રથમ બટુક ભોજન બાદ પધારેલ સર્વે મહેમાનોએ પ્રસાદ લીધેલ.

બપોર વિરામ બાદ અત્રે મુંબઈથી પધારેલ સર્વે મહેમાનોને શ્રી વાઘેશ્વરી સમિતિ સંસ્થા દ્વારા શ્રી બેટ દ્વારકા, શ્રી નાગેશ્વર, શ્રી રૂક્મિણી મંદિર દર્શન માટે એ.સી. બસ દ્વારા સરસ જાત્રા કરાવેલ હતી.

તા. ૮-૪-૨૫ ને મંગળવારના રોજ વહેલી સવારે દ્વારકાની સુંદર ગૌશાળામાં ધ્વજારોહણ પ્રસંગ નિમિત્ત સર્વે ગાયોના ઘાસચારા માટે ઉચીત દાન આપી બપોરે

સર્વે મહેમાનો સાથે મુંબઈ ટ્રેન દ્વારા આવવા શ્રી દ્વારકાથી વિદાય લીધી. મા ભગવતી વાઘેશ્વરી તથા શ્રી દ્વારકાધિશજીની અસીમ કૃપાથી આ સર્વે પ્રસંગ સુખરૂપ સંપન્ન થયા.

શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) આ પ્રસંગ નિમિત્ત જેઓનો સાથ, સહકાર અને સેવાનો હંમેશા લાભ મળ્યો છે તે શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીના સર્વે ટ્રસ્ટીગણ તથા મુંબઈ સમસ્ત સોની જ્ઞાતિસમાજના કોઈપણ સામાજીક પ્રસંગે અનેરા ઉત્સાહ સાથે સદૈવ નિઃસ્વાર્થ ખડેપગે સેવા આપતા 'શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની યુવક મંડળ'ના સર્વે કાર્યકર્તા સભ્યો, શ્રી સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) સર્વે ટ્રસ્ટીગણ, શ્રી વસઈ વિરાર સંસ્થા સર્વે ટ્રસ્ટીગણ, શ્રી ગોરેગામ સંસ્થા સર્વે ટ્રસ્ટીગણ, શ્રી દ્વારકા સમસ્ત શ્રી સોની વાડી સર્વે ટ્રસ્ટીગણ તથા આ આયોજનમાં તન, મન, ધનથી સાથ, સહકાર, સેવા આપતા નામી-અનામી સર્વે સેવાભાવી જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક જાહેર આભાર વ્યક્ત કરે છે.

– પ્રમુખશ્રી, શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) તથા સર્વે ટ્રસ્ટીગણના જય માતાજી.

# દુબઈમાં ગુજરાત ઉભું કરનાર દુષ્યંત ધોરડા-અમિત ધોરડા




મુંબઈ સમાચાર એટલે સહુથી જૂનું અખબાર કહી શકાય, જે લગભગ ૨૦૦ વર્ષથી પોતાના ધારાધોરણ પ્રમાણે ચાલે છે. હાલમાં મુંબઈ સમાચાર દ્વારા દુબઈ ખાતે એક ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો, જેની સંપૂર્ણ વ્યવસ્થા આપણા સમાજના દુષ્યંત ધોરડા અને અમિત ધોરડાએ કરી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૧૫૦૦ જેટલા મહેમાનોની ઉપસ્થિતિમાં આપણા સમાજના ગૌરવ શ્રી અનિલભાઈ ધાણક (કંજ જ્વેલર્સ)ના સુપુત્ર શ્રી અર્જુન ધાણક, અજંતા જ્વેલર્સ (અબુધાબી)ના તુષારભાઈ પટ્ટણી સહિત અનેક મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા. દુબઈમાં એક ભવ્ય અને સફળ કાર્યક્રમ કરવો બહુ મુશ્કેલ કહી શકાય ત્યારે પરજીયાના દીકરા મુશ્કેલ કાર્યના પડકારને ઝીલીને સરળ બનાવે છે, એ જોવા મળ્યું.

તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના સાંજે ૬.૦૦ કલાકે શેખ રશીદ ઓડીટોરીયમમાં તો જાણે ગુજરાત ઉભું થઈ ગયું. ડાયરો, ભજન, દુહા, છંદની રમઝટ વચ્ચે હાસ્યની છોળો ઉડતી હતી. દુષ્યંત ધોરડા અને અમિત ધોરડા સાથે આ કાર્યક્રમની સફળતામાં પડદા પાછળ રહીને ક્રિશ ધોરડા, રિશી ધોરડા અને રાજ ધોરડાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. દુબઈમાં વસતા ગુજરાતીઓ અને વિશેષ આજની પેઢીને ભારતીય અને વિશેષ ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિને જોડી રાખવાનો એક સરાહનીય પ્રયાસ છે, જે સફળ રહ્યો છે.



## આયુષ્યમાન ભારત કાર્ડ, ઈ શ્રમ કાર્ડ કેમ્પ

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા મુંબઈમાં વસતા આપણા જ્ઞાતિજનો માટે સરકારી યોજના હેઠળ આવતા આયુષ્યમાન કાર્ડ, ઈ – શ્રમ કાર્ડ અને મહાત્મા જ્યોતિબા ફૂલે (જન આરોગ્ય યોજના)ના કાર્ડ બનાવવા માટેની શિબિરનું આયોજન સોની બેન્કવેટ હોલ, બોરીવલી (પૂર્વ) ખાતે તા. ૦૩–૦૫–૨૦૨૫ ને શનિવાર અને ૦૪–૦૫–૨૦૨૫ ને રવિવારનાં બપોરે ૩:૩૦ થી સાંજના ૬:૩૦ કલાકે રાખવામાં આવી છે. મો. નં. : ૯૩૨૪૪૩૫૫૪૭ પર તા. ૦૧–૦૫–૨૦૨૫ પહેલા સવારના ૧૧:૩૦ થી ૨:૩૦ વચ્ચે રજીસ્ટ્રેશન કરાવવું.




વિશેષ નોંધ : શિબિરમાં આવતા સમયે જેમના કાર્ડ બનાવવાના હોય તેમનું આધાર કાર્ડ અને રેશનિંગ કાર્ડ લાવવા જરૂરી છે .

---

જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.

## મુંબઈ સુવર્ણકાર સંઘ વતી

**MSME Gold Value ની**

ટ્રેનીંગ માટે સોનીવાડીમાં
કાર્યક્રમ રાખવામાં આવશે.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક :
ગિરીશભાઈ સાગર
મો.: 98191 55201

(નોંધ : તારીખ નક્કી થતા જાણ કરવામાં આવશે)

# સપનું

**''अक्सर सपने ही आजादी की उम्मीद लगाये बैठे होते है, लेकिन क्यो हम सपने को छूते है, तब हमारे पास थी, वह आजादी भी छीन जाती है !''**

'સપનું' એક એવો શબ્દ છે, કે જે શબ્દ નાના બાળકને કાલીઘેલી ભાષાથી લ,ને મહાત્માઓ થઈ ચૂકેલા 'મહાન' વ્યક્તિઓના મોમાંથી પણ એ શબ્દ 'સપનું' એવું ઉચ્ચારતા સાંભળ્યું હશે. ભગવાને ભલે બીજી કોઈ બાબતે દરેક વ્યક્તિને સમાનતા ન આપી હોય પણ આ સપના' જોવા માટે તો જરૂરથી સમાનતા આપી છે. રસ્તે રઝળતાં ગરીબ બાળકો કે જેમને ર ટાઈમ ખાવા માટેના ફાંફાં હોય છે, તે લોકોથી લઈને અમીર બાપના એશ-આરામની જીંદગી જીવતા બાળકોને પણ 'સપના' આવે છે. પણ કહેવાય છે ને કે, સપનું આવવું એ મોટી વાત નથી એ તો દરેકને આવે છે તમને પણ આવે ને, મને પણ આવે અને બધાને આવે. પરંતુ સપનું પુરુ કરવા માટેનું 'જુનુન' અને તે જુનુન ને પુરૂષાર્થમાં ફેરવીને પ્રારબ્ધ રૂપ ધારેલી નીપજ મળે ત્યારે જ સપનું સાચા અર્થમાં પુરૂ થાય.

સપનું પુરૂ થયા પછી શું? કાલ્પનિક જોયેલી વસ્તુ અથવા તો સ્થાન વાસ્તવિકતામાં ફેરવાય ત્યારે શું મળે? મારું એવું માનુવં છે કે, આનંદ, ઉલ્લાસ, સુખ, જીંદગીમાં જે ન હતું એ મળે પણ જે હતું તે છીનવાઈ જાય. એટલે કે જીંદગીમાં જે ન હતું એ મળે તેને ચેન કહેવાય.... પણ જે હતું તે છીનવાઈ જાય એ કહેવાનો મતલબ કે માણસ એ સપનું જોયું પૂરું કરવાની ઉમ્મીદ હતી એટલે સપનું પુરું કર્યું પણ તે ઉમ્મીદમાં આઝાદી ભારોભાર હતી. તેથી જ કંઈક મેળવી શકાય, પરંતુ શું સપનું પુરું થયા પછી 'આઝાદી' જીવંત રહે?

ક્રિકેટરો, ફિલ્મસ્ટાર્સ, ટોચના બિઝનેસમેન આવા તો કેટલાય વર્ગમાં જોડાયેલા વ્યક્તિઓએ તેમની શરૂઆતની જીંદગીમાં 'સપના' તો જોયા જ હશે. પણ ઉપર રહેલ લોકોની હાલના તબક્કે જોઈએ તો કંઈક ને કંઈક બાબતે સોશિયલ મિડીયા પર, ટેલિવિઝન પર, કે પછી પ્રિન્ટ મિડીયામાં કંઈકને કંઈક આ લોકોની જીંદગી વિશે સારી ખરાબ, તે ક્યાં જાય છે ક્યાં નહીં, તેમની ડ્રેસિંગ સેન્સ વિશે કે તેમની જીંદગી સાથે જોડાયેલી કોઈપણ બાબત હોય તેની સામે દરેક વ્યક્તિઓની નજર હોય છે. આવા વ્યક્તિઓની ચર્ચા કરે એ તો ઠીક છે, પણ આ તો લોકો પોતાના ગ્રુપમાં બેઠા હોય ત્યારે આ લોકો બેઠા-બેઠા એમના ગ્રુપમાં સજેશન આપે કે આ ફિલ્મ સ્ટાર, બિજનેસમેન કે જેઓ પર હોય તેમની વાતો કરતા કહે કે આ તો ખોટું કરી રહ્યો છે આને આવું નહીં તેવું કરવું જોઈએ. તેના આવા નિર્ણયને લીધે તો તેના કરિયર પર અસર થાય. ઉદાહરણ તરીકે કહું તો, કોઈ ફિલ્મ સ્ટાર હોય અને ૫૦' ની ઓફર હોય તેવા શોમાં ખરીદી કરવા જાય એમાં પણ બધાને વાંધો... આવા તો કેટલાય ઉદાહરણ જોવા મળે છે. પરંતુ આપણે 'સપના' વિશે વાત કરતા હતા તો જ્યારે માણસ વાસ્તવિકતામાં 'સપના' ના ખોળામાં ઊંઘે છે ત્યારે દુનિયામાં રહેલા લોકો સામે નામના મેળવી ઊભો હોય છે. તેના નાશ આજુબાજુ, ઉપર-નીચે દરેક જગ્યાએ ગુંજતા હોય છે પણ તે નારા ઓમાંથી પડકારરૂપે 'આઝાદી' છીનવાઈ હોય એવો અવાજ ગુંજતો હોય છે.

એટલે જ માણસ જ્યારે સપનું પુરૂં કરવા માટેની દોડમાં ભાગતો હોય છે ત્યારે તે 'આઝાદ' હોવા છતાં તે માનતો નથી હોતો કે હું 'આઝાદ' છું. પણ જ્યારે સપનાના ખોળામાં તે હિલોળા ખાય છે. ત્યારે દુનિયામાં રહેલા લોકો કહે છે કે આ કેટલો ખુશ છે, જિંદગીમાં તે જે ચાહે તે મેળવી શકે, ખરેખર કહીએ તો તે 'આઝાદ' છે. પણ જે તે વ્યક્તિ ખુદ જાણે છે કે હવે હું જે ચાહતો હતો તે બધું જ મારા હાથમાં છે પણ છે ખરેખર મારા જોડે હતી, કે જે ન હોત તો કદાચ હું અહિંયા ન પહોચી શક્યો હોત, કે જે મારી જિંદગીની સૌથી 'પાવરફુલ' વસ્તુ હતી તે હતી 'આઝાદી' તે છીનવાઈ ગઈ, જિંદગીમાં 'ચેન' ન હતો તે મળ્યો થોડા સમય માટે, 'આઝાદી' હતી પણ છીનવાઈ ગઈ અને આપણે બધા જાણીએ છીએ કે આઝાદી છીનવાઈ એટલે સમય જતાં જિંદગીમાં ચેન પણ ન રહે. **– સંકલન**

*વધુ સારા થવાની ક્ષમતા દરેક માણસમાં હોયજ છે,*
*પરંતુ સારા માણસ થવા માટે તેમને ખુદનો સ્વાર્થજ નડતો હોયછે.*

## કવિતા

નથી ગમતા એ કામ હું નહિ કરું,
ને મન મારી દરરોજ હું નહિ મરું.

કરી લીધી બહુ ચિંતા મેં ગામની,
હવે કોઈથી પણ જરા નહિ ડરું.

લડત મારા હકની ઉપાડી છે મેં,
એ જીત્યા વગર પાછી હું નહિ ફરું.

કરે છે તું મનમાની હર વાતમાં,
બધી વાતમાં હામી હું નહિ ભરું.

હવા ના દે ગુસ્સાની ચિનગારીને,
બની જો હું જ્વાળા પછી નહિ ઠરું.

– અંજના ગોસ્વામી
'અંજુમ આનંદ'

## POEM

*One day I asked a rose that why*
*people like u so much even though*
*when you have thorns on yourself?*
*The rose replied I know I have thorns*
*on myself but I also know that my*
*fragrance and my petals are as good*
*as heaven all I mean to say is no one*
*is perfect everyone has their own*
*point of view if u see good in me I am*
*just fragrance and petals but if u see*
*bad in me then you will also see my*
*thrones*

**Moral : You have to ignore someone's negativity to see their positivity.**

***- Zeel Bhagat***

### *વિચાર બદલો !*

**પાઈલટ માટેના ઈન્ટરવ્યૂમાં રિજેક્ટ થયેલા અબ્દુલ કલામસાહેબનું એક સુંદર વિધાન છે, "Rejection is an opportunity for your selection." અસ્વીકાર તમને વધુ સારી પસંદગી કરવાની તક આપે છે. એક સ્થળેથી મળેલું રિજેક્શન તમને વધુ સારી દિશા કે મુકામ તરફ જવાનો ઈશારો કરતો હોય છે. તો જીવનમાં તમને જે મુકામ પર 'અહિંયાં નહીં મળે' નું બોર્ડ વાંચવા મળે ત્યારે એનો અર્થ એમ સમજવો 'ચાલતાં રહો આગળ વધુ સારું મળશે.'**



# મહેનતાણું

એક વિશાળ જહાજનું એન્જિન બગડી ગયું. ઘણા પ્રયત્નો છતાં કોઈ એન્જિનિયર તેને રીપેરીંગ કરી શક્યો નહીં. પછી કોઈએ એક મિકેનિકલ એન્જિનિયરનું નામ સૂચવ્યું જેમને આ પ્રકારના કામમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ હતો. તેને બોલાવવામાં આવ્યો. એન્જિનિયર ત્યાં પહોંચ્યો અને ઉપરથી નીચે સુધી એન્જિનનું ખૂબ જ કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યું. બધું જોયા પછી, એન્જિનિયરે પોતાની બેગ કાઢી અને તેમાંથી એક નાની હથોડી કાઢી. પછી તેણે હથોડી વડે એન્જિનના એક ભાગ હળવેથી પ્રહાર કર્યો. અને તેણે કહ્યું કે હવે એન્જિન શરૂ. ત્યારે બધા આશ્ચર્યચકિત થઈ ગયા. એન્જિન રિપેર કરીને એન્જિનિયર ચાલ્યો ગયો. જ્યારે જહાજના માલિકે એન્જિનિયરને જહાજના સમારકામની ફી વિશે પૂછ્યું ત્યારે એન્જિનિયરે કહ્યું – ૨૦,૦૦૦ રૂપિયા.

''શું?!'' માલિક ચોંકી ગયો. ''તમે લગભગ કંઈ જ કર્યું નથી. મારા માણસોએ મને કહ્યું કે તમે હથોડીથી એન્જિન પર થોડો જ ટપોરો માર્યો છે. આટલા નાના કામ માટે આટલા પૈસા? તમે મને વિગતવાર બિલ આપો કે એટલા બધા પૈસા શેના છે?''

એન્જિનિયરે બિલ તૈયાર કરીને આપ્યું. તેમાં લખ્યું હતું:

હથોડી વડે ટપોરો મારવાનાઃ ૨ રૂપિયા

ટપોરો ક્યાં અને કઈ જગ્યાપર મારવોઃ ૧૯,૯૯૮ રૂપિયા.

પછી એન્જિનિયરે જહાજના માલિકને કહ્યું – જો હું કોઈ કામ ૩૦ મિનિટમાં કરું છું, તો તેનું કારણ એ છે કે મેં ૩૦ વર્ષ ૩૦ મિનિટમાં તે કેવી રીતે કરવું તે શીખવામાં વિતાવ્યા. મેં તમને ૩૦ મિનિટ નહીં, પણ તે સમયનો મારો ૩૦ વર્ષનો અનુભવ આપ્યો. મારી ફી કેટલો સમય લાગ્યો તેના પર આધારિત નથી પણ મારા અનુભવ પર આધારિત છે. જહાજ માલિક ફૂબ જ શરમાયો અને ખુશીથી એન્જિનિયરને તેની ફી ચૂકવી દીધી.

તો કોઈની કુશળતા અને અનુભવની કદર કરો.. કારણ કે આ તેમના વર્ષોના સંઘર્ષ, પ્રયોગો અને સખત મહેનતનું પરિણામ છે.

**– સંકલન**

**પરજીયા સોની સંદેશના વાચકો માટે**

**'પરજીયા સોની સંદેશ'ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

## અગત્યની સુચના

**'પરજિયા સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'પરજિયા સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે સભ્યોને 'પરજિયા સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.**

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૩–૨૦૨૫ થી ૩૧–૦૩–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

### 'મંદિર જાળવણી અને નિભાવ ફંડ'

૧,૧૦૦/- ઉગામેડી મંદિર તરફથી મંદિર જાળવણી અને નિભાવ ફંડમાં ભેટ. હસ્તે : શ્રી સોની નરેન્દ્રભાઈ ધકાણ.

### 'મેડિકલ સહાય ફંડ'

૧,૧૦૦/- મૂળ જમદણવાળા, હાલ કાંદિવલી નિવાસી સોની યજ્ઞેશભાઈ શૈલેષભાઈ ચોક્સીના પ.પૂ. માતુશ્રી અ.સૌ. લતાબેન શૈલેષભાઈ ચોક્સી શ્રીજીચરણ પામતા મેડિકલ સહાય ફંડમાં અર્પણ.


---

# 'મિડ–ડે' ક્રિકેટ સ્પર્ધામાં પરજીયા સોની ટીમ દ્વિતીય ક્રમે

## 'શક્તિ એકતામાં છે, એકલતામાં નહીં.'





થોડા દિવસ પહેલા મુંબઈમાં મીડ–ડે તરફથી આયોજિત ક્રિકેટ સ્પર્ધામાં પરજીયા સોનીની ટીમે પ્રથમ વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. કોઈપણ વ્યક્તિ કે સમૂહ સમતના કે લડાઈના મેદાનમાં જીત મેળવવા જ ઉતરે છે, પરંતુ નિયમ મુજબ કોઈ ટીમ પ્રથમ ક્રમાંક મેળવે છે તો સામેવાળી બીજો ક્રમાંક. સ્પર્ધામાં ભાગ લેનાર પરજીયા સોની ટીમના દરેક રમતવીરોની સખત મહેનત રંગ લાવી અને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. વિરોધી ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું, પરંતુ એનો મતલબ એવો નથી કે આપણી ટીમે પરિણામ પહેલા હાર સ્વીકારી લીધી હોય. રમતના છેલ્લા બોલ સુધી પ્રયત્નશીલ રહ્યા. વિજેતા ટીમને શુભેચ્છા સહિત પરજીયા સોની ટીમને રમતના એક ભાગ રૂપે મળેલ પરાજયને સ્વીકારી ખેલદિલીનું બહુ મોટું ઉદાહરણ આપી લોકોના દિલ જીતી લીધા છે. દરેક ખેલાડીના ચહેરા પર આત્મવિશ્વાસ છલકી રહ્યો હતો. આવનારા સમયમાં મેદાનની અંદર મહેનત કરી રહેલ સમાજના ૧૧ રમતવીરોના ઉત્સાહને વધારવા સમાજના અગ્રણી અને જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભવ્ય વિજય મેળવવામાં સહયોગી થશું એવું નક્કી કરીએ.




(અહીં વિજેતા ટીમ અને હારેલી ટીમ લખવું યોગ્ય ન લાગ્યું માટે પ્રથમ ક્રમાંક અને બીજો ક્રમાંક શબ્દનો ઉપયોગ કર્યો છે.)

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**

**દ્વારા,**





**'૩૨મા સમૂહ લગ્ન' નું આયોજન**

**ગુરુવાર, તા. ૦૧–૦૫–૨૦૨૫ સોનીવાડી ખાતે**

**રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.**

**જરૂરી વિગત સાથે સોનીવાડીમાં સંપર્ક કરવો.**





**સંપર્ક :**

**022-2898 3905 / 2899 9097**

**+91-93244 35547**

**કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન**

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :

**બીનીતા કાગદડા શાહ – 9833293535**



*N. H. Beauty Saloon*

*Beautician : Rakhee Hitesh Satikuvar*

**✆ 99309 09411 / 79773 34312**

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora

VIDHI DHAKAN
+91 8104177573
+91 9167951734

SONI VIDHI

SONI VIDHI MAKEOVERS

PROFESSIONAL MAKEUP AND HAIR ARTIST

- BRIDAL
- SIDERS
- PREWEDDING
- BABYSHOWER
- PARTY

DESTINATION SERVICE IS ALSO PROVIDED

SPECIAL OFFER FOR
**SONI COMMUNITY**



sonividhi_makeovers

8104177573

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| ∗ એક અંકના જાહેરાત દર ∗ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ∗ આખા વર્ષના અંકના જાહેરાત દર ∗ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ∗ ટચુકડી જાહેરાત ∗ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| ∗ ટચુકડી જાહેરાત ∗ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with<br>Institution<br>SWIFT Code | Bank of Baroda, Business Financial Services<br>Branch, Kandivali, Mumbai<br>BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name<br>Account Number | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: 20260100023592 |

| Bank Name | FOR DONATION IN INDIA |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)



**એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે***

**શુધ્ધ શાકાહારી*** **ઓપન કેટરર્સ***





# SONI BANQUET HALL





**આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો**

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ

(* શરતો લાગુ)

‘સોનીવાડી’
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

PARAJIA SONI SANDESH (Monthly) • APRIL 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726 • Postal Regn. No.: MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,

JIGNESH PRINTERS ✆ 9821367898